॥ શ્રી ગણેશાય નમઃ ॥


સત્યમેવ જયતે





સત્યમેવ જયતે





# શ્રી ચારસો ચુંવાળ પરગણા વણકર જ્ઞાતિ પંચનું બંધારણ

સંવત ૨૦૬૨ના જેઠ સુદ-૯ને સોમવાર તા. ૫-૬-૨૦૦૬ના
રોજ માંડલ તાલુકાના કરશનપુરા મુકામે

**શ્રી ચારસો ચુંવાળ પરગણાના વણકર જ્ઞાતિ પંચની**
**બેઠકમાં કરેલ ઠરાવો તેમજ કલમો**

પ્રસિદ્ધ કર્તા :

શ્રી ચારસો ચુંવાળ પરગણાના વણકર જ્ઞાતિ પંચ તથા
કાર્યવાહક કમિટી

Scanned by CamScanner

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# શ્રી ચારસો ચુંવાળ પરગણા વણકર જ્ઞાતિ પંચનું બંધારણ

**ઠરાવ નં. - ૧**

સંવત ૨૦૬૨ના જેઠ સુદ-૯ ને સોમવાર તા. ૫-૬-૨૦૦૬ ના રોજ શ્રી ચારસો ચુંવાળ પરગણાના પાંચેય તડોના વણકર ભાઈઓનું સમસ્ત પંચ મોજે ગામ કરશનપુરા તા. માંડલ મુકામે આજ રોજ મળ્યું હતું. વણકરપંચે મળીને જ્ઞાતિ માટે નવું બંધારણ (ધારાધોરણ) મુજબ ઘડ્યું છે જે અન્વયે આજ રોજ ઠરાવો તથા કલમો કર્યા છે તે નીચે મુજબ છે આ સાથે ઠરાવેલ પાંચેય તડના પંચના કાગળોમાં કરેલી અમારી સહીઓ તથા અંગુઠાના નિશાન આપેલ છે આજ રોજથી નવા બંધારણના કરારભંગ કરનારઓને તડ તથા પંચે નીમેલા આગેવાનો કરારભંગ કર્યા બદલ યોગ્ય પગલા લેશે તે અમોને તથા અમારા વાલી વારસોને કબુલ મંજુર છે આજ રોજ નવું બંધારણ મંજુર કરવામાં આવ્યું છે તે અંગે બાપ દાદાના બોલથી પાળવા તથા પળાવવા બંધાઈએ છીએ ઉપર મુજબના ઠરાવોનો જે કોઈ ભંગ કરશે તે નાતનો ગુનેગાર ગણાશે

**ઠરાવ નં. - ૨**

**"સગપણ કરવા બાબત"**

દિકરા-દિકરીના સગપણ કરવા માટે વાતગડીયા જાય અને સગાઈમાં હાલના ચલણમાં ચાલતો રૂપિયો એક દિકરીનો બાપ દિકરાના બાપને સગપણનો આપે અને દિકરીનો બાપ પચાસ-પચાસ રૂપિયા પાઘડીના સગપણ કરવા આવેલા બે માણસોને આપે.

**ઠરાવ નં. - ૩**

હાયડો, મીઠાઈ, (છાબડી) દરદાગીના રોકડ રકમ અગર કપડાં દિકરા-દિકરીની સગાઈ કરે ત્યારથી તે લગ્ન થાય ત્યાં સુધી આપવા તથા લેવાનું સદંતર બંધ કરવામાં આવે છે આ ઠરાવનોભંગ કરનારને રૂા. ૫૦૦૧/- અંકે રૂપિયા પાંચ હજાર એક પુરા દંડ વસુલ કરવામાં આવશે.



Scanned by CamScanner

**ઠરાવ નં. - ૪**

**"ઘર જોવા જવા આવવા બાબત "**

દિકરા-દિકરીના વિવાહનો ઠરાવ કરવા દિકરાનો બાપ દિકરીના બાપના ત્યાં પાંચ માણસોને લઈને જવું અને લગ્નનું મુર્હુત જોવડાવવું પાંચેય જણાને દશ દશ રૂપિયા પાઘડીના આપવા તે સિવાય બીજું કાંઈ આપવું લેવું નહીં અને તે દિવસે લગ્નનું મુર્હુત તથા જાન જવાનો દિવસ નક્કી કરવો તેમજ દિકરીનો બાપ પાંચ માણસોને લઈને ઘર જોવા દિકરાના બાપને ત્યાં જાય અને દિકરીનો બાપ દિકરાના બાપને રૂપિયા ૧૦/- ઘર જોવાના આપે આ ઠરાવનો ભંગ કરનારને રૂા. ૫૦૧/- અંકે રૂપિયા પાંચ સો એક પુરા દંડ કરવામાં આવશે

**ઠરાવ નં - ૫**

**"લગ્ન વધાવવા બાબત"**

દિકરીના બાપ તરફથી દિકરાના બાપને ત્યાં બે માણસો એ લગ્ન વધાવવા જવુ જમણ અનુકૂળતાએ આપવું. દિકરીનો બાપ રૂા. ૧ (એક) ચાંદલાનો દિકરાના બાપને આપે તથા દેવસ્થાનના ટકા આપે અને ગામોટને રૂા ૧૦/- અંકે રૂપિયા દસ પુરા આપે. તે સિવાય કાંઈપણ આપવું લેવું બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં - ૬**

**"જાન મોકલવા બાબત"**

વર સિવાય ૬૫ માણસોએ જાનમાં જવું બ્રાહ્મણ અને સેનમાને જાનમાં લઈ જવા નહિ. ઠરાવેલ મુર્હુતે જાન મોકલવી જાન સવારે જાય અને સાંજે જાનને વળાવવી જાનને રાતવાસો રાખી શકાશે નહીં. મુર્હુત પ્રમાણે ઠરાવેલ દિવસે અને સમયે સંજોગોવસાત જાન મોકલવામાં ન આવે તો જે સમયે જાન આવે તે જ સમયે લગ્નનું મુર્હુત કરવું બાજુમાં ભાણું ભરવું અને જાનને જમાડીને તરત જ જાન વળાવવી પડશે.



**ઠરાવ નં - ૭**

**"વરને ભેટ આપવા બાબત"**

વરને ફુલનો હાર પોતાના ઘેર લાવીને પહેરાવવો કોઈપણ સગા સંબંધી તરફથી ફુલનો હાર પહેરાવવો નહી. વરને કલગી પહેરાવવી નહીં. વરને અનુકૂળતાએ જે કપડાં પહેરવાં હોય તે ઘરધણી પોતાના ઘરે લાવીને પહેરાવી શકશે અને મોસાળીયો વરના કપડા પેટે રૂા. ૨૫૧/- અંકે રૂપિયા બસો એકાવન પુરા આપે. આ ઉપરાંત મોસાળીયો પોતાની યથાશક્તિ પ્રમાણે મામેરામાં દાગીના આપે અથવા જો દાગીના ન આપવા હોય તો રોકડ રકમ આપી શકશે. અથવા યથા શક્તિ રોકડ અને દાગીના પણ આપી શકશે.

જેને દાપુ ભરવું હોય તે મુરતીયો જે પરગણામાં લગ્ન કરે તે પરગણાનું જ દાપુ ભરવા છૂટ આપવામાં આવે છે. (કન્યા ત્યાંનું દહેજ)

**ઠરાવ નં - ૮**

**"જાન ને જમણ આપવા બાબત"**

જમણમાં શીરો અને દાળભાત આપવું. જાન શીરો અને દાળભાતથી જ જમશે. બીજું કાંઈપણ જમણમાં આપી શકશે નહીં. આ ઠરાવનો ભંગ કરનારનો રૂા. ૫૦૧/- અંકે રૂપિયા પાંચસો એક પુરા દંડ વસુલ કરવામાં આવશે. માંડવે વરને જમતી વખતે જમવા માટે તેના સાળાને બોલાવવાનું બંધ કરવામાં આવે છે. વરને ભાણું આપવું નહીં. જાન આવે ત્યારે ઝાંપે બેસશે અને વસ્તીના માણસો જાનને લેવા જશે.

**ઠરાવ નં - ૯**

**"દાપુ આપવા બાબત"**

દાપાના રૂા. ૨૦૬૨/- અંકે રૂપિયા બે હજાર બાસઠ પુરા ઠરાવવામાં આવે છે.



Scanned by CamScanner

**"ભાણાની વિગત"**

અંકે રૂપિયા બે હજાર બાસઠ ભાણે ભરવા અને તેમાંથી નીચે મુજબ ફરગત ભાણા ઉપર દાપામાંથી કરવી.

| | | |
|---|---|---|
| (૧) | રૂા. ૨૦=૦૦ | મેરામણીના આપવા. |
| (૨) | રૂા. ૫૦=૦૦ | માંડવાનું તોરણ ચોરી કરવાના. ચોરી ટાઢી કરવાના તથા ગણેશ પૂજનના, અસ્તાળી-ટીપણીના તથા ભોમસદના વિગેરે બંધારણના કુલ કામના કન્યાના ગામોટને દક્ષિણા સહીત આપવા. |
| (૩) | રૂા. ૧૦=૦૦ | ગુરૂ ગાદીના |
| (૪) | રૂા. ૧૦=૦૦ | ચાંલ્લાના |
| | રૂા. ૯૦=૦૦ | રૂપિયા નેવું ભાણા ઉપર દાપામાંથી વાપરવાના છે. ભાણા ઉપર તથા ઝાંપે ગુલાલ નાખવો નહિ. આ ઠરાવનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે. |

**ઠરાવ નં - ૧૦**

**"જાન ને વળતર આપવા બાબત"**

જાનને વળતરમાં તાંબાનું એક બેડુ, બાજવટ અને વેવાઈને પાઘડીના રૂા. ૧૦ ભાણા ઉપર આપવા આ સિવાય બીજું કાંઈપણ આપવું નહી. માંડવાના તોરણે અબોખામાં સવા રૂપિયો નાખવો. રંભો અને ભોમસદ સદંતર બંધ કરવામાં આવે છે તેમજ વરને જાનીવાસો આપવાનું બંધ કરતામાં આવે છે વર જાન સાથે બેસે. પંચમહાબો, પંચ પરખામણી તથા ઘર ફેરી તથા ચા-પાણી કરાવે તેને પણ કાંઈ આપવું નહિ. વર-કન્યાને કાછલીઓ બાંધવાનું બંધ કરવામાં આવે છે.



**ઠરાવ નં - ૧૧**

**"પરણેતરના આણાં બાબત"**

પરણેતર આંણું પાંચ દિવસ રહે તેવું ઠરાવવામાં આવે છે. પરણેતરમાં પાંચમા દિવસે આણું તેડીને કન્યાનો બાપ ઘરે આવે. આ ઠરાવનો ભંગ કરનાર નાતનો ગુનેગાર થશે.

**ઠરાવ નં - ૧૨**

**"અણવરની વિગત"**

અણવરને પેન્ટપીસ આપવું. પરણેતર આણું દિકરીનો બાપ તેડવા જાય ત્યારે રૂપિયા દસ વરના બાપને આપે. માંડવો ઠારવાનું, જોવાનું, સદંતર બંધ કરવામાં આવે છે. આ ઠરાવનો ભંગ કરનારને રૂા. ૧૦૧/- અંકે રૂપિયા એક સો એક પુરા દંડ કરવામાં આવશે.

**ઠરાવ નં - ૧૩**

**"પ્રથમ નુતરાની વિગત"**

વેવાઈ જમાઈને દિકરીના બાપ તરફથી પ્રથમ આમંત્રણ (કંકોત્રી) આપવામાં આવે ત્યારે મુરતવંતી પાઘડી વેવાઈને આપવી તથા દિકરી જમાઈને સાડી ધોતીની પહેરામણી આપવી તે સિવાય દાગીનો અગર કાંઈપણ આપવું નહી.

**ઠરાવ નં ૧૪**

**"વરના બાપે પોતાના ગામોટને આપવાની વિગત"**

ગણેશ પૂજન તથા વર પરણીને આવે ત્યારે ઝાંપાનું તોરણ તથા વર પુંખવાનું તથા પાઠ બંધણું, શીખ વિગેરેના રૂા. ૫૧/- અંકે રૂપિયા એકાવન પુરા વરના બાપે પોતાના ગામોટને આપવા. તે સિવાય બીજા કોઈપણ પ્રકારથી કાંઈપણ આપવું નહીં. સાડી ધોતી આપવી નહીં



Scanned by CamScanner

**ઠરાવ નં - ૧૫**

**"કન્યાના બાપે પોતાના ગામોટને આપવાની વિગત"**

કન્યાના બાપે પોતાના ગામોટને શીખ ના રૂા. ૫૧/- અંકે રૂપિયા એકાવન પુરા આપવા તે સિવાય બીજું કાંઈપણ આપવું નહી. સાડી ધોતી કે દાગીના આપવા નહીં. વર તથા કન્યાના ગામોટે ભેટ મુકવી અગર તોરણ બાંધવું બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં - ૧૬**

**"આણાંની વિગત"**

પ્રથમ આણાના રૂા. ૫૬૨/- અંકે રૂપિયા પાંચસો બાસઠ પુરા આપવા. આણું તેડવા માટે બે માણસોએ જવું. કન્યાનો બાપ આણું તેડવા આવનાર બંને માણસોને દસ દસ રૂપિયા પાઘડીના આપવા આણામાં મુરતવંતી પાઘડી આપવી નહી. પરંતુ આડા દિવસે પાઘડી આપવાની છૂટ આપવામાં આવે છે. દિકરાનો બાપ આણાંનું મુર્હુત કઢાવીને દિકરીના બાપને જણાવશે અને તે દિવસે દિકરીના બાપે આણું મોકલવું પડશે. આણું એક જ રાખવામાં આવે છે.

**ઠરાવ નં - ૧૭**

**"ન છોરવી કન્યાના પુનઃલગ્ન કરવા બાબત"**

ન છોરવી કન્યાના પુનઃલગ્નના દાપાના રૂા. ૧૦૬૨/- અંકે રૂપિયા એક હજાર બાસઠ પુરા ઠરાવવામાં આવે છે. હાંસળી ચડાવવા બે માણસો જાય અને મુરતવંતી હાંસડી અથવા દોરો ચડાવે. હાંસડી પેટે રોકડ રકમ આપવી નહી. બન્ને માણસોને રૂપિયા દસ-દસ આપવા. તેડવા માટે મુરતીયા સહીત ૧૫ માણસોએ જવું. અને પલ્લુ ચડાવીને જમવું અને કોઈપણ મુશ્કેલી ઉભી થાય તો પ્રથમ જમી લેવું. પલ્લા ઉપર પૈસા આપવા નહિ. આપશે તે નાતનો ગુનેગાર ગણાશે.



**ફરગતની વિગત**

રૂા. ૧૦-૦૦ મેરામણીના

રૂા. ૧૦-૦૦ ગામોટના

રૂા. ૧૦-૦૦ ટકાના

રૂા. ૩૦-૦૦ કુલ ત્રીસ રૂપિયા દાપામાંથી આપવા. ચા કે પાન તરીકે પૈસા આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે જમણમાં શીરો અને દાળભાત જમશે. તેડવા આવવા માટે નક્કી કરેલા સમયે આવવું. પલ્લુ ચડાવી દાપાનો વહીવટ કરી જમણ જમીને તરત કન્યાને વળાવવી. રાતવાસો રાખી શકાશે નહી. વળતરમાં બેડુ આપવાનું બંધ કરવામાં આવે છે. વેવાઈને પાઘડીના રૂપિયા દસ આપવા આણું એક માણસ તેડવા જાય અને વેવાઈને રૂપિયા દસ કન્યાનો બાપ દિકરાના બાપને આપે. તે સિવાય કાંઈપણ આપવા લેવાનું બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં - ૧૮**

**"છોરુની માના પુનઃ લગ્ન બાબત"**

છોરૂની માના પુનઃ લગ્નના દાપાના રૂા. ૮૬૨/- અંકે રૂપિયા આઠ સો બાસઠ પુરા આપવા ઠરાવવામાં આવે છે. હાંસળી ચડાવવા માટે બે માણસોએ જવું. અને હાંસળી (દોરો) ચડાવે. હાંસળી પેટે રોકડ રકમ આપવી નહી તે બન્ને માણસોને રૂપિયા દસ દસ પાઘડીના આપવા તેડવા માટે મુરતીયા સાથે અગિયાર માણસોએ જવું. પલ્લુ ચડાવીને જમવું. અને કોઈપણ મુશ્કેલી ઉભી થાય તો પહેલાં જમણ જમી લેવું.

**ફરગતની વિગત.**

રૂા. ૧૦-૦૦ મેરામણીના

રૂા. ૧૦-૦૦ ગામોટના



Scanned by CamScanner

રૂા. ૧૦-૦૦ ટકાના

રૂા. ૩૦-૦૦ કુલ ત્રીસ રૂપિયા દાપામાંથી આપવાના રહેશે. પાન તરીકે તેમજ વસ્તીમાં ચા પીને પૈસા આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે. જમણ દાળભાત અને શિરો જમશે. કન્યાને તેડવા આવવા માટે નક્કી કરેલા દિવસે જવું. અને પલ્લુ ચડાવી દાપાનો વહીવટ કરી જમણ જમીને તરત જ કન્યાને વળાવવી રાતવાસો રાખી શકાશે નહી.

**ઠરાવ નં - ૧૯**

**"સીમંતના મામેરાની વિગત"**

દિકરીના સીમંત વખતે પિતા અથવા વાલી પોતાની યથાશક્તિ પ્રમાણે મામેરૂ આપી શકશે. જેને શ્રી કૃષ્ણાર્પણ ટહુકો કરવો પોતાના સગા વેવાઈને રૂપિયા દસ પાઘડીના આપવા. સીમંત પછી દિકરીને સુવાવડ માટે તેડી લાવે ત્યારે તથા તે સંબંધે ખબર પુછવા જાય ત્યારે અને દિકરીને પરત તેડી જાય ત્યાં સુધી વેવાણને સાડી પહેરાવવાનું બંધ કરવામાં આવે છે. પરંતુ આડા દિવસે વેવાણોને સાડીઓ પહેરાવવાની છૂટ આપવામાં આવે છે.

સીમંત વખતે પોતાના ગામોટને રૂા. ૫૦/- અંકે રૂપિયા પચ્ચાસ શીખના આપવાના રહેશે. તે સિવાય વધુ રકમ, સાડી કે ધોતી તેમજ દાગીનો કાંઈપણ આપવું નહીં.

**ઠરાવ નં - ૨૦**

**"સીમંતના જમણની વિગત"**

સીમંતના પ્રસંગનો ઉભો દિવસ એટલે સવારે મામેરૂ લઈને જવું અને સાંજે પાછા આવવું જમણમાં અનુકૂળતાએ જમણ આપવું.

પાખોરમાં કુટુંબીજનો, મોસાળીયા, બહેનો વગેરે દાગીના તેમજ જોડી કપડાં આપી શકશે. બાકીના આવનાર સંબંધીઓ તેમજ મિત્રવર્ગ વિગેરે સાડી ધોતી પેટે રોકડ રકમ તેમજ દાગીના આપી શકશે.



**ઠરાવ નં - ૨૧**

**"છૂટા છેડાની વિગત"**

જે મુરતીયાને કન્યા ન ગમતી હોય તે મુરતીયાના બાપ તથા વાલીએ રૂા. ૩૧૦૦/- અંકે રૂપિયા ત્રણ હજાર એક સો પુરા તેમજ સીમંતના મામેરાના પાખોર સહિતના દાગીના કન્યાના બાપને પાછા આપવાના રહેશે.

જે કન્યાએ પોતાના પતિને ના રહેવું હોય તો મુરતીયાના બાપને રૂા. ૨૫૦૦/- અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા તથા સીમંતમાં આપેલ દાગીના, પાખોર સહીતના દાગીના મુરતીયાના બાપને આપવા ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં - ૨૨**

**"ભરણ પોષણની વિગત"**

(૧) કોઈપણ મુરતિયો પોતાની પત્નીને રાખવા માગતો ન હોય, તેમજ કન્યા છૂટી થવા ના માગતી હોય. અને

(૨) કોઈપણ કન્યાએ પોતાના પતિને ન રહેવું હોય અને મુરતિયો રાખવા માગતો હોય તો તેવા આ બંને કિસ્સામાં પંચાતી કરનાર પંચના માણસોએ કોઈપણ જાતનો પક્ષપાત કર્યા સિવાય બંને તરફી યોગ્ય ચકાસણી કરી યોગ્ય ન્યાય આપવાનુ ઠરાવવામાં આવે છે. જે બંનેને ન્યાય માન્ય રાખવો પડશે.

**ઠરાવ નં - ૨૩**

**"કેળવણી ફંડ બાબત"**

લગ્ન પ્રસંગે કેળવણી ફંડ તરીકે વર પક્ષ તરફથી રૂા. ૫૧/- અંકે રૂપિયા એકાવન તથા કન્યાપક્ષ તરફથી રૂા. ૫૧/- અંકે રૂપિયા એકાવન પુરા લેવા.. આ ફંડ જે તે ગામમાં ૧ વર્ષ સુધી રાખવા અને વર્ષના અંતે તે ભંડોળ તડ એકઠુ કરે તેવું ઠરાવવામાં આવે છે



Scanned by CamScanner

**ઠરાવ નં - ૨૪**

છૂટી થયેલી કન્યા તેમજ મુરતીયાના બાપ પાસેથી રૂા. ૧૫૧/- અંકે રૂપિયા એક સો એકાવન પુરા તડે લેવા. આ રકમ પોત પોતાના તડમાં ભંડોળ તરીકે રહેશે.

## શ્રી ચારસો ચુંવાળ પરગણા વણકર પંચના બંધારણની કલમો નીચે મુજબ છે

**કલમ નં. - ૧**

શ્રી ચારસો ચુંવાળ પરગણું જ્યારે જ્યારે મળે ત્યારે નવું બંધારણ ઘડશે સુધારો કરી શકાશે નહી.

**કલમ નં. - ૨**

શુભ પ્રસંગો વખતે વેલડું જોડવાની તેમજ મોટરગાડીઓ જોડવાની તેમજ વાજીંત્રો વગાડવાની છૂટ આપવામાં આવે છે.

**કલમ નં. - ૩**

કોઈપણ માણસને પોતાની રાજીખુશીથી કન્યાદાન આપવું હોય તો કન્યાદાન આપવાની છૂટ આપવામાં આવે છે.

**કલમ નં. - ૪**

સારા પ્રસંગ વખતે એટલે લગ્ન, સીમંત, સેમાળીયામાં તેમજ તડ તથા પરગણું મળે ત્યારે, દારૂ પીવાનું સદંતર બંધ કરવામાં આવે છે. આ કલમનો ભંગ કરનારને રૂા. ૨૫૧/- અંકે રૂપિયા બસો એકાવન પુરો દંડ લેવામાં આવશે.

**કલમ નં. - ૫**

પ્રજા નહી થવાને કારણે પોતાની પ્રથમ પત્નીની તથા પીયરીયાની સમંતીથી કાયદાનો બાધ ન આવે તે રીતે બીજી પત્ની કરી શકશે તેમાં નાતને હરકત નથી.



**કલમ નં. - ૬**

કન્યા અને મુરતીયાની એકબીજાની સંમતી હોય છતાં પણ દિયરવટુ વારી શકાશે નહીં.

**કલમ નં. - ૭**

કન્યા વિધવા થાય ત્યારે તેના પિયરીયાઓ તેને તેડી જાય અને કન્યાએ તેના છોકરાંઓ મોટાં કરવાં હોય તો તેવા પિયરીયાઓ જબરજસ્તીથી લઈ જઈ શકશે નહીં. કન્યાને પોતનાં કપડાં નાખતી વખતે કન્યાને તેમજ કન્યા પક્ષના માણસોને કોઈપણ પ્રકારે કનડગત કે હેરાનપરેશાન કરી શકશે નહી. મરણ પ્રસંગે શોકના સાડલાના રૂા. ૩૦/- તથા રૂા. ૫/- જમાઈને આપવા કુલ રૂા. ૩૫/- આપવાના રહેશે.

**કલમ નં. - ૮**

જે પરગણાની સાથે કન્યા લેવા દેવાનો વ્યવહાર ચાલુ છે. જે પરગણાની કન્યા હોય ત્યાંનુ જ દાપુ લેવામાં આવશે અને મુરતીયો જે દાપાથી લગ્ન કરશે તે જ દાપુ મોસાળીયો આપશે.

**કલમ નં. - ૯**

કોઈપણ પરગણામાં કન્યા લેવા દેવાની છૂટ આપવામાં આવે છે.

**કલમ નં. - ૧૦**

બીજા પરગણામાંથી ચુંવાળ પરગણાની કન્યા છૂટી કરાવવા બાબતે સંજોગોવસાત છૂટાછેડા કરવાની છૂટ આપવામાં આવે છે

**કલમ નં. - ૧૧**

આ બંધારણનો અમલ કરવા તથા કરાવવા માટે બંધારણના ઠરાવો, અને કલમોના ભંગ બદલ તપાસ કરવાનો અને ગુનેગારને શિક્ષા કરવાની સંપૂર્ણ સત્તા



Scanned by CamScanner

તડને આપવામાં આવે છે આ ગુનાઓ દર વર્ષે ગામના બે આગેવાનો તથા વસ્તીપંચ મળી ગુનાઓની તપાસ કરી ગુનાઓ વસૂલ કરીને તે રકમ તડની જ્યાં સિલક રહેતી હોય ત્યાં જમા કરાવવાની રહેશે. આ જવાબદારી બે આગેવાનો અને વસ્તીપંચની રહેશે.

**કલમ નં. - ૧૨**

બંધારણની તમામ કલમો અને ઠરાવો પૈકી કોઈપણ ઠરાવ અને કલમનો ભંગ કરનારને ઓછામાં ઓછા રૂા. ૧૦૧/- અંકે રૂપિયા એક સો એક દંડ કરવામાં આવશે. તદ્ઉપરાંત ગુન્હાની તપાસ કરતાં તડને યોગ્ય લાગે તે દંડ વસૂલ કરવામાં આવશે.

**કલમ નં. - ૧૩**

પાંચ તડ પૈકી કોઈપણ તડ પોતાનું સંગઠન જાળવવા અંગે જરૂરી કાર્યવાહીઓ કરી શકશે. તેમાં બીજા તડના કોઈપણ વ્યક્તિ વાંધો કે વિરોધ કરી શકશે નહીં અને સાથ સહકાર આપી શકશે નહીં.

**કલમ નં. - ૧૪**

જ્યારે જરૂર પડે ત્યારે તેવા સ... અને સંજોગોમાં તડ અગર કાર્યવાહક કમિટી તથા જનરલ પરગણું કોઈપણ ગામ અગર વ્યક્તિ સમાજ ધારાધોરણની રૂઈએ નુતરું- આપી બોલાવી શકશે. અને જ્યારે તડ કે જનરલ પરગણું સમાજના નિયમ મુજબ જ્યાં સુધી પુરૂ પંચ તમામ ગામના માણસો ન મળ્યા હોય ત્યાં સુધી સમાજ ધારાધોરણની કોઈપણ પ્રકારે કાર્યવાહી કરી શકશે નહી અને કોઈપણ વ્યક્તિ અગર ગામ પરગણાની કમિટી બોલાવે ત્યારે પોતાનું તડ સાથે બોલાવવું પડશે તડ અને કમિટી મળી કાર્યવાહી કરી શકશે.



**કલમ નં. - ૧૫**

કાર્યવાહક કમિટીનો જે મેમ્બર બંધારણની કલમ અગર ઠરાવને ભંગ કરશે અથવા તડ વિરૂદ્ધ કાર્યવાહી કરશે તો તે નાતનો ગુનેગાર ગણાશે. અને તે કમિટીના સભ્યને પોતાનું તડ શિક્ષા કરશે અને ગુનાની શિક્ષાનું પાલન તે મેમ્બર ના કરે તો મેમ્બરને પોતાનું તડ મેમ્બર પદેથી રદ કરશે. અને તેની જગ્યાએ તેના ગામની સંમતીથી ગામના નવા મેમ્બરની નિમણુંક કરશે અને તે કમિટીના સભ્યપદે બીજી કમિટી ન ચૂંટાય ત્યાં સુધી કમિટીના સભ્યપદે ચાલુ રહેશે. મેમ્બર રદ કરવા તેમજ નિમણુંક કરવા તે તમામ તડની સત્તા છે.

**કલમ નં. - ૧૬**

આ બંધારણમાં જે ગામનું તડ લખાશે તે ગામે બંધારણની પત્રિકાઓ આપવા જવું અને કાગળવાળા ગામે પોતાના તડના દરેક ગામોમાં બંધારણ આપી આવવું. કોઈપણ તડનું ગામ બંધારણ લેવાનો ઈન્કાર કરી શકશે નહિ.

**કલમ નં. - ૧૭**

કોઈપણ માણસને પોતાના મા-બાપની પાછળ કાંણ સાચવાનું સદંતર બંધ કરવામાં આવે છે. કાંણ ત્રણ દિવસમાં પુરી કરવામાં આવશે. કાંણ પુરી થયા પછી કોઈપણ માણસ આવે તો કોગળો આપી શકાશે નહિ.

**કલમ નં. - ૧૮**

**"સેમાળીયાની વિગત"**

સેમાળીયુ કરવામાં સગા વહાલા તથા વસ્તી બોલાવવી અને તે સાંજે સગા વહાલાઓ પહેલું જમણ શીરો અને દાળ-ભાત જમશે. પોતાના તડના પાઘડી બંધ પુરૂષો આવીને એક ટાઈમ શીરો અને મગનું જમણ જમશે. રાતવાસો રહી શકશે નહી. સગાવહાલાઓ રહી શકશે મામેરામાં દીકરીને ... કપડાં અને જમાઈને ધોતી અને રૂા. ૧૦૧/- અંકે રૂપિયા એક સો એક પુરા આપવા. કોઈપણ પ્રકારના



Scanned by CamScanner

Scanned by CamScanner